# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૦૬/૦૫/૨૦૨૪

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરના પ્રતિનિધિ મંડળે મિશન ૮૪ અંતર્ગત જમ્મુ અને કાશ્મીરના માનનીય લેફટનન્ટ ગવર્નર શ્રી મનોજ સિંહાજી સાથે મુલાકાત કરી

### ભારતને વિશ્વમાં ઇકોનોમિક પાવર હાઉસ બનાવવા માટે મિશન ૮૪ અંતર્ગત થઇ રહેલા પ્રયાસો તથા જમ્મુ અને કાશ્મીરની નવી ઇકોનોમિક પોલિસી હેઠળ બિઝનેસ ડેવલપમેન્ટ અને ઇન્વેસ્ટમેન્ટ માટે જે તકો ઉભી થઇ રહી છે તેના વિશે વિસ્તૃત ચર્ચા થઇ

### ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે જમ્મુ અને કાશ્મીરના ઇન્ડસ્ટ્રીઝ એન્ડ કોમર્સ વિભાગના કમિશનર/સેક્રેટરી શ્રી વિક્રમજીત સિંઘની આગેવાનીમાં ઇન્ડસ્ટ્રીયલ ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીઓ સાથે મિટીંગ કરી

### SGCCIના પ્રતિનિધિ મંડળે જમ્મુ અને કાશ્મીર સરકારની નવી ઇકોનોમિક પોલિસી અંતર્ગત જુદા–જુદા ઇન્ડસ્ટ્રીયલ એરિયા, ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, ઇન્ડસ્ટ્રીયલ ઝોન તેમજ ધંધા – વ્યવસાયમાં રોકાણ હેતુ કયા પ્રકારની ઇન્સેન્ટીવ સ્કીમ છે તેના વિશે વિસ્તૃત માહિતી મેળવી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી રમેશ વઘાસિયાની આગેવાનીમાં ચેમ્બર ઓફ કોમર્સનું એક પ્રતિનિધિ મંડળ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત સુરતના ઉદ્યોગકારો માટે બિઝનેસની વધુ તકો ઉપલબ્ધ થાય તે માટે જમ્મુ અને કાશ્મીરના પ્રવાસે હતું. જેમાં ચેમ્બર પ્રમુખની સાથે ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી અને ઇલેકટ વાઇસ પ્રેસિડેન્ટ શ્રી નિખિલ મદ્રાસી, માનદ્ ખજાનચી શ્રી

કિરણ ઠુમ્મર, મિશન ૮૪ના કો–ઓર્ડિનેટર શ્રી સંજય પંજાબી અને મિશન ૮૪ની કોર કમિટીના સભ્ય તેમજ ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ ટુર કમિટીના ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલાનો પ્રતિનિધિ મંડળમાં સમાવેશ થયો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે બુધવાર, તા. ૧લી મે, ૨૦૨૪ના રોજ જમ્મુ અને કાશ્મીરના માનનીય લેફટનન્ટ ગવર્નર શ્રી મનોજ સિંહાજી સાથે મુલાકાત કરી હતી. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હાથ ધરવામાં આવેલા મહત્વાકાંક્ષી પ્રોજેકટ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪થી તેઓને વાકેફ કરવામાં આવ્યા હતા. મિશન ૮૪ અંતર્ગત સુરત, ગુજરાત અને ભારતથી રૂપિયા ૮૪,૦૦૦ કરોડનું વધારાનું એક્ષ્પોર્ટ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે અને તેના માટે કરવામાં આવી રહેલા પ્રયાસો અંગે તેઓને વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

ચેમ્બર પ્રમુખ શ્રી રમેશ વઘાસિયાએ જમ્મુ અને કાશ્મીરના માનનીય લેફટનન્ટ ગવર્નરશ્રીને જણાવ્યું હતું કે, ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારતને ૫ ટ્રિલિયન યુએસ ડોલર ઇકોનોમી બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે અને એના માટે ભારતના ઉદ્યોગકારોને ૧ ટ્રિલિયન યુએસ ડોલરનો એક્ષ્પોર્ટ કરવા માટેનો ટારગેટ આપ્યો છે. વડાપ્રધાનશ્રીના આ લક્ષ્યને પૂર્ણ કરવા માટે તેમજ ભારતને આર્થિક રીતે વધુ મજબૂત બનાવવા માટે યોગદાન આપી શકાય તે હેતુથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ વિઝન હાથ ધરાયું છે.

સુરતમાં ચોર્યાસી (૮૪) નામનો તાલુકો છે, જ્યાંથી ૧૫મી અને ૧૭મી સદીમાં વિશ્વના ૮૪ દેશો સાથે તે સમયે કોઇપણ ટેકનોલોજી વગર ભારતનો આંતરરાષ્ટ્રીય વ્યાપાર થતો હતો. સુરતના વેપારીઓ અને ઉદ્યોગકારોમાં આખા વિશ્વની સાથે વેપાર કરવાનો જે જુસ્સો તે સમયે હતો તેને પુનઃ પ્રસ્થાપિત કરવા માટે મિશન ૮૪ અંતર્ગત પ્રયાસો થઇ રહયા છે. ૧૫મી અને ૧૭મી સદીમાં સુરતથી ૮૪ દેશો સાથે થતો વ્યાપાર અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની સ્થાપનાનું ૮૪મું વર્ષ હોવાથી આ બંને બાબતોને કનેકટ કરી વિશ્વમાં સુરત, ગુજરાત અને ભારતનો આંતરરાષ્ટ્રીય વેપારમાં ડંકો વગાડવા માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ હાથ ધરાયો છે.

મિશન ૮૪ અંતર્ગત ભારતને વિશ્વમાં ઇકોનોમિક પાવર હાઉસ બનાવવા માટે પ્રયાસો કરવામાં આવી રહયા છે. આ લક્ષ્યની સાથે ચેમ્બર ઓફ કોમર્સ કામ કરી રહયું છે ત્યારે મિશન ૮૪ અંગે વિગતવાર પ્રેઝન્ટેશન જમ્મુ અને કાશ્મીરના માનનીય લેફટનન્ટ ગવર્નર શ્રી મનોજ સિંહાજી સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જમ્મુ અને કાશ્મીરમાં નવી ઇકોનોમિક પોલિસી બની છે અને કલમ ૩૭૦ હટાવી દેવામાં આવતા બિઝનેસ ડેવલપમેન્ટ અને ઇન્વેસ્ટમેન્ટ માટે જે તકો ઉભી થઇ રહી છે તેના વિશે વિસ્તૃત ચર્ચા થઇ હતી. માનનીય લેફટનન્ટ ગવર્નરની સાથે જમ્મુ અને કાશ્મીરના ઇન્ડસ્ટ્રીઝ એન્ડ કોમર્સ ડિપાર્ટમેન્ટના કમિશ્નર/સેક્રેટરી શ્રી વિક્રમજીત સિંઘ પણ મિટીંગમાં હાજર હતા. તેઓની સાથે મિટીંગમાં સામાજિક અગ્રણી માનનીય શ્રી સુરીન્દર અંબરદાસ તથા સેક્રેટરી કક્ષાના ઉચ્ચ અધિકારીઓની ટીમ પણ હાજર હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે બુધવારે બપોર બાદ જમ્મુ અને કાશ્મીરના ઇન્ડસ્ટ્રીઝ એન્ડ કોમર્સ ડિપાર્ટમેન્ટના કમિશ્નર/સેક્રેટરી શ્રી વિક્રમજીત સિંઘની આગેવાનીમાં ઇન્ડસ્ટ્રીયલ ડિપાર્ટમેન્ટની સાથે મિટીંગ કરી હતી. આ મિટીંગમાં પણ જમ્મુ અને કાશ્મીરમાં બિઝનેસ ડેવલપમેન્ટ થાય અને ભારતથી એક્ષ્પોર્ટમાં

વધારો થાય તે દિશામાં પ્રયાસ કરવાના ભાગ રૂપે કઇ કઇ સુવિધાઓ ઉભી કરી શકાય છે અને સુરતના ઉદ્યોગકારો તેનો કઇ રીતે લાભ લઇ શકે છે તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

જમ્મુ અને કાશ્મીરના ઇન્ડસ્ટ્રીઝ એન્ડ કોમર્સ ડિપાર્ટમેન્ટના કમિશ્નર/સેક્રેટરી શ્રી વિક્રમજીત સિંઘ દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરી જમ્મુ અને કાશ્મીરમાં બિઝનેસ ડેવલપમેન્ટ માટે ઉપલબ્ધ સુવિધાઓ, સરકારની નવી પોલિસી, સિસ્ટમ, ઉદ્યોગ – ધંધાઓ સ્થાપવા માટે તેમજ તેમાં રોકાણ કરવા માટે સરકાર તરફથી અપાતી સબસિડી અને ઇન્સેન્ટીવ વિગેરે બાબતે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સાથે જ સરકારની નવી ઇકોનોમિક પોલિસી અંતર્ગત જુદા–જુદા ઇન્ડસ્ટ્રીયલ એરિયા, ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, ઇન્ડસ્ટ્રીયલ ઝોન તેમજ કયા પ્રકારની ઇન્સેન્ટીવ સ્કીમ છે તેની માહિતી આપી હતી.

જમ્મુ અને કાશ્મીરમાં અન્ય રાજ્યો કરતા ક્રાઇમ રેટ ખૂબ જ નીચો છે તેમ જણાવી શ્રી વિક્રમજીત સિંઘે સુરત સહિત ગુજરાતના ઉદ્યોગકારો – વેપારીઓને વિવિધ ધંધા – વ્યવસાયમાં રોકાણ માટે આકર્ષવા હેતુ હેલ્ધી વાતાવરણ પૂરું પાડવાની ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળને ખાત્રી આપી હતી. ચેમ્બરના પ્રતિનિધિ મંડળે જમ્મુ અને કાશ્મીરની નવી ઇકોનોમિક પોલિસી તથા વિવિધ સ્કીમો અંગે જુદા–જુદા પ્રશ્નો પુછીને વિગતવાર જાણકારી મેળવી હતી.

આગામી દિવસોમાં સુરતથી ઉદ્યોગકારોના વધારે પ્રતિનિધિ મંડળો બિઝનેસ ડેવલપમેન્ટ અને ઇન્વેસ્ટમેન્ટના હેતુથી જમ્મુ અને કાશ્મીરની મુલાકાતે આવે તથા જમ્મુ અને કાશ્મીરના ઇન્ડસ્ટ્રીઝ એન્ડ કોમર્સ ડિપાર્ટમેન્ટના કમિશ્નર/સેક્રેટરી અને ઉચ્ચ અધિકારીઓની ટીમ સુરત, ગુજરાત જઇને જમ્મુ અને કાશ્મીરના ઇકોનોમિક ડેવલપમેન્ટને આગળ વધારવા માટે જમ્મુ – કાશ્મીરમાં વિવિધ ધંધા–વ્યવસાયમાં ઇન્વેસ્ટમેન્ટને પ્રમોટ કરવા સુરત – ગુજરાતના ઉદ્યોગકારો સાથે મિટીંગ કરી તેઓને વિસ્તૃત જાણકારી આપે તે માટે મિટીંગમાં સહમતિ સાધવામાં આવી હતી, જેનો અમલ આગામી સમયમાં ચોકકસપણે કરવામાં આવશે.